ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૭ | ૧૬ ઓક્ટોબર, ૨૦૧૨, મંગળવાર; આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સ્ટેટીક સર્વેલન્સ ટીમે છ લાખ રોકડા પકડ્યા

કોબા સર્કલ અને વિહાર ચોકડી પાસેથી ત્રણ-ત્રણ લાખ રૂપિયા રોકડા પકડી વાહનો કબ્જે લીધાં

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની સ્ટેટીક સર્વેલન્સ ટીમે આજે બે વાહનોમાંથી રૂપિયા ત્રણ-ત્રણ લાખની રોકડ લઈ જતા વાહનો કબ્જે લઈ અને રોકડ રકમ અંગેની તપાસની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કોબા સર્કલ નજીકથી એક વાહન અને માણસા તાલુકાની વિહાર ચોકચી પાસેથી પસાર થતા એક વાહનમાંથી આ રકમ પકડાવા પામી છે. આ બન્ને કિસ્સામાં રૂ. ૨.૫૦ લાખથી વધુની રકમ મળી આવી હોવાથી ઈન્કમટેક્ષ વિભાગને તેની જાણ કરવામાં આવતાં ઈ-કમટેક્ષ વિભાગે તપાસનો દોર સંભાળી લીધો છે.

કોબા સર્કલ પાસેથી અશોકભાઈ સવાણી નામની વ્યક્તી જીજે-૧૮-બીએ-૪૬૫૦માં રૂ. ત્રણ લાખની રોકડ રકમ લઈ જઈ રહ્યા હતા. સ્ટેટીક સર્વેલન્સ ટીમે તપાસ કરતાં આ રોકડ અંગે સ્પષ્ટતાઓ માંગી હતી અને તુરત જ તેની જાણ ઈન્કમટેક્ષ વિભાગને કરી હતી. તો વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના લાલભાઈ અલ્લારખા તેમની ઈન્ડિકા ગાડી જીજે-૬-ડીઈ-૮૧૧૧માં રૂ. ૩ લાખની રોકડ રકમ લઈ જઈ રહ્યા હતા તે વિહાર ચોકડી નજીક સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા તપાસ દરમ્યાન જણાઈ આવ્યું હતું.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની હોઈ રૂ. ૨.૫૦ લાખથી વધુની રોકડ રકમની હેરાફેરી પર પ્રતિબંધ છે. તંત્રએ આ માટે સ્ટેટીક સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી છે. આ ઉપરાંત ગત સપ્તાહે જ આ મુદ્દે બેંકર્સ સાથે પણ બેઠક કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. આ બન્ને ગાડીઓમાંથી કોઈ રાજકીય પક્ષના સાહિત્ય મળ્યા છે કે નહિ તે અંગેની વિગતો જાણવા મળી નથી.

રાજ્યભરમાં ગુલાબી ઠંડીનો પ્રારંભ

અમદાવાદ, તા.૧૫

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના ઘણા વિસ્તારોમાં ગરમીનો પારો વધુ નીચે ગગડતા હવે એમ જણાઇ રહ્યું છે કેશિયાળાની ઋતુનો પ્રારંભ થઈ જશે, જો કે હજુ રાજ્યના કેટલાક વિસ્તારોમાં બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ રાજ્યના મોટા ભાગન શહેરોના વહેલી સવારના તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધતા રાત્રી સમયથી વહેલી પરોઢ સુધી ઠંડીનો ચમકારો વધ્યો છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે નવરાત્રીના સમયે રાજ્યમાં ઠંડી સામાન્ય રહેશે ત્યાર બાદ ઠંડીનું જોર વધશે. હવામાન શાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, હાલ ચોમાસાનો ઉત્તરાર્ધ હોવાથી મિશ્ર ઋતુની અનુભૂતિ થાય છે.

બળિયાદેવ યુવક મંડળ, ધોળાકુવા દ્વારા થર્મોકોલ, લાકડું, સાવરણી જેવી વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરીને બેસ્ટ એવા દસ ફૂટ ઊંચા ગબ્બરનું સર્જન કરવામાં આવ્યું છે. વેસ્ટ વસ્તુઓમાંથી તૈયાર કરવામાં આવેલો આ ગબ્બર ખરેખર દર્શનીય બન્યો છે. (તસવીર : દિપક જાની)

રાજકીય ન્યાય માટેની લડતને આગળ ધપાવીશ : મેયર મહેન્દ્રસિંહ

જિલ્લા કોંગ્રેસની જૂથબંધી સામે પ્રકાશ ફેંકી સ્વચ્છ રાજકારણની હિમાયત

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનોને એક પત્ર લખી જિલ્લા સમિતિમાં જામેલી જૂથબંધી પર પ્રકાશ ફેંકનાર મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે વધુ એક નિવેદનમાં રાજકીય ન્યાય માટે લડત આગળ ધપાવવાનો હુંકાર કરી સ્વચ્છ રાજકારણની હિમાયત કરી છે.

તેમણે જણાવ્યુ છે કે દિલ્હીમાં કેન્દ્રીય મોવડીમંડળ સમક્ષ ક્યારેય સાચુ ચિત્ર રજુ થયુ નથી અને તેને કારણે જ કોંગ્રેસને સતત ત્રણ ટર્મ સુધી સત્તાથી દૂર રહેવાના દિવસો આવ્યા છે. શ્રી રાણાએ જણાવ્યુ છે કે રાજકીય ન્યાય માટેની લડત માટે તેઓ આગામી દિવસોમાં એક સમિતિની રચના પણ કરશે જે સ્વચ્છ રાજકારણની વાતને આગળ ધપાવશે.

શ્રી રાણાએ આજે તેમના નિવેદનમાં જણાવ્યું છે કે મે જ્યારે સાચા અને અદના કોંગ્રેસના કાર્યકરોની લાગણી પ્રગટ કરવાનો

● અનુસંધાન પાન-૭ પર

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૮-૧૦-૧૨, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ફતેહપુરા
૨. મહાકાળી સો-મીલ
૩. વારી ગૃહ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

મકાન વેચવાનું છે

સેક્ટર-૨૨માં પ્લોટ નં. ૪૦૭/૨, ૧૩૫ વાર ઉપર-નીચે ફુલ ફર્નીચર, ગેસ પાઈપ લાઈન સાથે આપવાનું છે.

સંપર્ક : ૯૬૬૨૧૫૮૬૧
દલાલ આવકાર્ય છે

દિવાળી પ્રવાસો

ગોવા - મહાબળેશ્વર
લોનાવાલા - એસ્સેલવર્લ્ડ
ફિ-૮, P.P. 8500/-
ઉ.તા. ૯, ૧૨, ૧૪, ૧૬, ૨૦/૧૧/૨૦૧૨

કુલ્લુ-મનાલી-સિમલા
અમૃતસર-દિલ્હી
ફિ-૧૨, P.P. 13000/-
ઉ.તા. ૧૮/૧૧/૨૦૧૨

૨x૨ બસ, ડિલક્ષ હોટેલ
ગુજરાતી/જૈન ભોજન
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૧૦૩૧૧૦૦૩૮